# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

ACPC
એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## પ્રથમ વર્ષ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોની રાઉન્ડ-૨ ના અંતે ખાલી રહેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો માટેનો પ્રવેશ કાર્યક્રમ વર્ષ-૨૦૧૫

પ્રવેશ વર્ષ ૨૦૧૫ નાં પ્રથમ વર્ષ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા તા. ૨૨-૦૮-૨૦૧૫ ના રોજ અત્રેની સમિતિ દ્વારા પૂર્ણ જાહેર કરવામાં આવેલ છે. સદર પ્રક્રિયા બાદ ખાલી રહેલી બેઠકો શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યનાં જાહેરનામા ક્રમાંક : GS/SH/19/2013/PVS/102013/280/S તા. ૧૪-૦૫-૨૦૧૩ અને તેના વખતો વખતના સુધારાના નિયમ-૧૯ મુજબ "ખાલી બેઠકો" ભરવાની થાય છે. જેનાં અનુસંધાને સરકારી, અનુદાનીત અને સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર મુકવામાં આવેલ છે. ખાલી રહેલી બેઠકો ઉપર સરકારી, અનુદાનીત અને સ્વનિર્ભર સંસ્થાઓએ નીચે જણાવેલ પ્રાથમિકતા મુજબના ઉમેદવારોને પ્રવેશ જે તે સંસ્થા દ્વારા આપવામાં આવશે. જે માટે સ્વિકારાયેલી અરજીઓને નીચે જણાવેલ પ્રાથમિકતા મુજબ, પ્રાથમિકતાના interse merit-list માં ગોઠવી, મેરીટ યાદી બનાવી અને પ્રવેશની કાર્યવાહી નીચે જણાવેલ સમય પત્રક મુજબ જે તે સંસ્થા દ્વારા કરવામાં આવશે.

(૧) પ્રવેશ વર્ષ ૨૦૧૫ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ હોય,

(૨) બોર્ડ દ્વારા ચાલુ વર્ષમાં લેવામાં આવેલ પૂરક પરીક્ષામાં બેઠા પછી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ તથા JEE (Main)-2015/GUJCET-2015/AIPMT-2015 પૈકીની કોઈ એક પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય,

(૩) અન્ય રાજ્યમાંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ તથા JEE (Main)-2015/GUJCET-2015/AIPMT-2015 પૈકીની કોઈ એક પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય તેવા ઉમેદવારો (ગુજરાત રાજ્યનું Domicile ધરાવતા ઉમેદવારોને અગ્રતા આપવાની રહેશે.),

(૪) ઉપરોક્ત (૧), (૨) અને (૩) ના ઉમેદવારોને પ્રવેશ આપ્યા બાદ જો બેઠકો ખાલી રહે તો ડિપ્લોમા ફાર્મસી / ડિગ્રી સાયન્સની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ ઉમેદવારો,

(૫) ઉપરોક્ત (૧) થી (૪) ના ઉમેદવારોને પ્રવેશ આપ્યા બાદ જો બેઠકો ખાલી રહે તો માન્ય બોર્ડ માંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ પરંતુ JEE (Main)-2015/GUJCET-2015/AIPMT-2015 પૈકીની કોઈ પણ પ્રાવેશીકની પરીક્ષા ન આપેલ હોય તેવા ઉમેદવારો.

આવા ઉમેદવારોએ (૧) જે-તે સંસ્થાના નોટિસ બોર્ડ કે વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ખાલી બેઠકોનો અભ્યાસ કરી (૨) પોતાના મેરીટ માર્કસને ધ્યાને રાખી (૩) સંસ્થાઓની ફીને ધ્યાને રાખી સંબંધિત સંસ્થાઓ ખાતે, નીચે જણાવેલ કાર્યક્રમ મુજબ, નિયત ફી રૂા. ૩૫૦/- રોકડા ભરીને પ્રવેશ ફોર્મ મેળવી તે જ સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવવાનું રહેશે.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૨૩-૦૮-૨૦૧૫ | ખાલી બેઠકોની યાદી પ્રવેશ સમિતિ વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ |
| ૨. | ૨૫-૦૮-૨૦૧૫ થી ૨૭-૦૮-૨૦૧૫ | જે-તે સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી (પ્રવેશ ફોર્મની મહત્તમ કિંમત રૂા. ૩૫૦/-) |
| ૩. | ૨૮-૦૮-૨૦૧૫ થી ૩૦-૦૮-૨૦૧૫ | જે-તે સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ નોટિસ બોર્ડ/ વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ તથા પ્રવેશ ફોર્મ ભરેલ હોય તેવા તમામ ઉમેદવારો માટે રૂબરૂ પ્રવેશની પ્રક્રિયા. |
| ૪. | ૩૧-૦૮-૨૦૧૫ | અત્રેની સમિતિ ખાતે પ્રવેશ યાદી એન્ડોર્સમેન્ટ માટે મોકલવાની રહેશે. |

પ્રવેશ મળ્યેથી તે જ સમયે એક સત્રની નક્કી કરાયેલ ટ્યુશન ફી રોકડમાં સંસ્થા ખાતે ભરવાની રહેશે. પ્રવેશ કાયમ કરાવવા માટે અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે આવશ્યક હોઈ સાથે રાખવાના રહેશે. ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે. પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. વધુ વિગત માટે સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in જોવા જણાવવામાં આવે છે.

તા. ૨૪/૦૮/૨૦૧૫ — મેમ્બર સેક્રેટરી